થરાદ માં રોજની વધતી જતી નગરપાલિકા ની રાડો માં આજ રોજ સ્વામિ વિવેકાનંદ ની પ્રતિમા ની બાજુ માં ભૂગર્ભ ગટરના પાણી રસ્તા પર ફરિવળતા લોકો ને હાલાકી ભોગવવાનો વારો આવ્યો. થરાદ માં રોજ બેરોજ નગરપાલિકા ની રાડો ઉઠવા પામીછે ત્યારે છેલ્લા કેટલાક સમયથી ભૂગર્ભ ગટરની લાઈનો માંથી પાણી ઉભરાતી હોવાની રાડો ઉઠેછે અને આ ગટર ને લઈને નગર જનોએ કેટલીય વાર તંત્ર ને લેખિત તથા મૌખિક રજુઆતો કરવા છતાં તંત્રની ઢીલી નીતિને લઈને રોજનું ગટર નું ગંદુ પાણી રોડ પર ફરિવળવાથી લોકોને હાલાકી ભોગવવા નો વારો આવે છે. આજ રોજ ફરીથી થરાદ માં આવેલી સ્વામી વિવેકાનંદ ની પ્રતિમા ની બાજુમાં ભૂગર્ભ ગટર ના ઢકણા ઓ પરથી ગટર નું ગંદુ પાણી રોડ પર ફરિવળતા લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે અને આ ગટર ના ગંદા પાણી ને લઈ રોગ ચાળો ફાટવાની ભીતિ છવાઈ રહી છે તો હવે જોવું એ રહ્યું કે આ અંગે તંત્ર ધ્યાન દોરસે કે કેમ?

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ કોંગ્રેસમાં

અમદાવાદ,તા. ૧૩

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર જોષી આજે તેમના સેંકડો સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાતાં બનાસકાંઠા જિલ્લા ભાજપમાં સ્થાનિક જિલ્લા પંચાયતની ચૂંટણી પહેલાં જ મોટું ભંગાણ સર્જાયું હતું. બનાસકાંઠા જિલ્લા ભાજપમાં ભંગાણને લઈ ભાજપની છાવણીમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું કારણ કે, તા.૨૧મી ફેબ્રુઆરીએ બનાસકાંઠા જિલ્લા પંચાયતની મહત્વની ચૂંટણી યોજાવા જઈ રહી છે તે પહેલાં જ ભાજપને મોટો ઝટકો વાગ્યો છે.

બનાસકાંઠા જિલ્લા ભાજપમાં ભંગાણને પગલે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર જોષી અગાઉ કોંગ્રેસમાથી ભાજપમાં જોડાયા હતા પરંતુ હવે તેઓ બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીને માત્ર અઠવાડિયું બાકી છે તે પહેલાં અચાનક જ તેમના સેંકડો સમર્થકો અને ચુસ્ત ટેકેદારો સાથે આજે વિધિવત્ રીતે ફરી પાછા પોતાના જૂના પક્ષ એવા કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર જોષી આજે તેમના સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાતાની સાથે જ બનાસકાંઠા જિલ્લા ભાજપમાં મોટું ભંગાણ સર્જાયું હતુ, પ્રદેશ મોવડીમંડળના નેતાઓ બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણી પહેલાં જ પડેલા આટલા મોટા ગાબડાથી દોડતા થઈ ગયા હતા. વિધાનસભા ચૂંટણીમાં ગામડાઓમાં જોરદાર પછડાટ ખાધા બાદ હવે જિલ્લા-તાલુકા અને નગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપની શાખ દાવ પર લાગી છે ત્યારે આજનો રાજકીય ઘટનાક્રમ ભાજપ માટે મોટા ઝટકાસમાન હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે અને તેથી જ ભાજપે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે પણ ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરી દીધી છે. દરમ્યાન બીજીબાજુ, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણને કોંગ્રેસે આજે હોદ્દા પરથી દૂર કર્યા હતા અને તેમના સ્થાને કાર્યકારી પ્રમુખ તરીકે દિનેશ ગઢવીને નિમણૂંક કરી હતી. ટિકિટ ફાળવણીમાં કથિત ગેરરીતિના પ્રકરણમાં કોંગ્રેસ પક્ષ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ઝાકીર ચૌહાણને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા.

ગણપત યુનિવર્સિટીના આંગણે આજથી બે દિવસીય રિસર્ચ કન્વેન્શન 'અન્વેષણ'નો પ્રારંભ

ગણપત વિદ્યાનગર, તા. ૧૩

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં રિસર્ચનું કલ્ચર વિકાસ પામે તેવા ઉદાત હેતુ સાથે કાર્યરત એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝના રિસર્ચ ડિવિઝનના સહયોગમાં ગણપત યુનિવર્સિટીના આંગણે આવતીકાલથી બે દિવસ તા. ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી-૨૦૧૮ દરમિયાન 'અન્વેષણ' નામે એક 'વેસ્ટ ઝોન સ્ટુડન્ટ રિસર્ચ કન્વેશન'નું આયોજન થયું છે.

અભ્યાસ દરમિયાન સંશોધન માટેનું વલણ ધરાવતા યુવા વિદ્યાર્થીઓને પારખીને એમને પ્રોત્સાહન આપવાના અને સંશોધનમાં જ કારકિર્દી વિકસાવવા માટે પ્રેરવાના ઉમદા હેતુ સાથે યોજાતી આ જ્ઞાન-પરિષદમાં ગુજરાત ઉપરાંત પણ દેશના પશ્ચિમ વિસ્તારના અનેક રાજ્યોની અનેક યુનિવર્સિટીઝમાંથી ૨૧૫ જેટલાં અભ્યાસુ સંશોધકો ઉપસ્થિત રહેશે અને એમના સંશોધનના ૧૪૩ જેટલાં પ્રોજેકટસનું પ્રેઝન્ટેશન કરશે.

રિસર્ચ સ્કોલર્સ દ્વારા રજુ થનાર પ્રોજેક્ટ્સ મુખ્યત્વે એગ્રિકલ્ચર, બેઝિક્સ સાયન્સ, એન્જિનિયરિંગ અને ટેકનોલોજી, હેલ્થ સાયન્સિસ અને ફાર્મસીને ન્યુટ્રિશન જેવાં સંબંધિત વિષયો, સોશિયલ સાયન્સિસ, હ્યુમેનિટિઝ, કોમર્સ તેમજ લૉ જેવાં વિષયો અંગેના હશે.

આ કન્વેશન્સનમાં ગાંધીનગરની ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સિટિના વાઈસ પ્રસિડેન્ટ (આઈસીટી) નિલેશકુમાર પૂરી ચિફગેસ્ટ તરીકે તો ઈસરોના ઈન્ફોર્મેશન સિક્યુરિટી ઈમ્પ્લિમેન્ટેશન બોર્ડના ચેરમેન હરેશ એસ. ભટ્ટ તેમજ લિડ સ્ટ્રેટેજિક અલાયન્સ, ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ ટેકનોલોજી, આઈક્રિએટ, અમદાવાદના મિસ અનુપમા રાઠોડ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહી અભ્યાસ-સંશોધકોને માર્ગદર્શન આપશે.

જેમના સહયોગમાં આ કન્વેન્શનનું આયોજન થયું છે તે રાષ્ટ્રની સુપ્રતિષ્ઠિત સંસ્થા એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝના ડૉ. અમરેન્દ્ર પાની (ડેપ્યુટી ડાયરેક્ટર-રિસર્ચ અને ચિફ કન્વીનર, એસાઈયુ) તેમજ ડૉ. ઉષા રાય નેગી (આસિ. ડિરેક્ટર-રિસર્ચ અને ચિફ કો-ઓર્ડિનેટર, એઆઈયુ) ઉપરાંત ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ ગણપતભાઈ પટેલ અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા પણ ખાસ ઉપસ્થિત રહેશે.

કન્વેશનના સમગ્ર આયોજન માટેની ઓર્ગેનાઈઝીંગ કમિટીમાંના એઆઈયુના બંને અધિકારીઓ ઉપરાંત ગણપત યુનિવર્સિટીના કોમ્પ્યુટર એપ્લિકેશન્સ ફેકલ્ટીના ડીન ડૉ. સત્યેન પરીખ, વેસ્ટ ઝોન કોઓર્ડિનેટર તરીકે તો ડૉ. અજય પટેલ સેક્રેટરી તરીકે સમગ્ર આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

મહેસાણામાં મહાશિવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

મહેસાણા, તા. ૧૩

આજે શિવરાત્રીના પવિત્ર દિવસે મહેસાણા જિલ્લાના શિવ મંદિરોમાં ભાવિક ભક્તોએ વિશેષ પૂજા અર્ચના કરી પર્વની ધાર્મિક ઉજવણી કરી હતી.

આજે મહાશિવરાત્રીના પર્વે વહેલી સવારથી જ શિવ ભક્તો શિવાલયોમાં પૂજા, અર્ચના, દર્શન માટે ઉમટી પડ્યા હતા. શિવભક્તોના હર હર મહાદેવના નારાથી શિવમંદિરો ગુંજી ઉઠ્યા હતા. ભાવિકજનોએ શીવજીને પ્રિય એવા બિલીપત્રો, ધતૂરાના ફૂલ, ગોળ, પ્રસાદ અન્ય ફૂલો અને જળ ચઢાવીને પૂજા અર્ચન કરી હતી. સવાર અને સાંજની આરતીમાં પણ ભક્તોની ખાસ્સી ભીડ જોવા મળી હતી. બીજુ શિવજી અવધૂત હોઈ ભાંગ તેમને પ્રિય હોવાની માન્યતાએ આજે કેટલાયે ભાવિકો ભાંગનું સેવન કરતા હોય છે. દરમિયાન રાત્રીના સમયે જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાયરો, ભજન કિર્તનના કાર્યક્રમો પણ યોજાયા હતા.

પ્રોહિબીશનના ચાર ગુનામાં નાસતો ફરતો શખ્સ ખેરવાડાથી પકડાયો

હિંમતનગર, તા. ૧૩

ગુજરાતમાંદારૂબંધી હોવા છતા કેટલાક શખ્સો પાસ પરમિટ વિના રાજસ્થાનમાંથી ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડી રહ્યા છે. ત્યારે સાબરકાંઠાના હિંમતનગર, જાદર અને અરવલ્લી જિલ્લાના ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોબીબીશનના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા શખ્સને સોમવારે હિંમતનગર બી ડીવીજન પોલીસે બાતમીને આધારે રાજસ્થાનના ખેરવાડાથી ઝડપી લીધો હતો.

આ અંગે બીડીવીઝનના પીએસઆઈ ગડુરીયાના જણાવ્યા મુજબ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૭માં દારૂની હેરાફેરી બદલ રાજસ્થાનના ખેરવાડાના સુભાષભાઈ પદમચંદ્ર ઉર્ફે પુનમચંદ કલાલ છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપી નાસતો ફરતો હતો. આ શખ્સ વિરૂદ્ધ હિંમતનગર જાદર, અરવલ્લીના ભિલોડા તથા અન્ય એક પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટના ભંગ બલ ગુના નોંધાયા છે.

દરમિયાન હિંમતનગર બીડીવીઝન પોલીસને એવી બાતમી મળી હતી કે સુભાષભાઈ કલાલ છેલ્લા કેટલાક સમયથી ખેરવાડામાં રહે છે જે આધારે પીએસઆઈ ગડુરીયા તથા તેમની ટીમે સોમવારે ખેરવાડા બસસ્ટેન્ડ પર વોચ ગોઠવી સુભાષભાઈ કલાલને સીફ્તપૂર્વક દબોચી લીધો હતો.

વકીલોની માતૃ સંસ્થા માટે પ્રતિષ્ઠાભરી ચૂંટણી

બાર કાઉન્સિલની ચૂંટણી માટે ૭૫ ફોર્મ ભરાયાં : ૨૮મી માર્ચે ચૂંટણી : ૧૫મી ફેબ્રુઆરી સુધી ઉમેદવારો પોતાના ઉમેદવારીપત્રો ભરી શકશે : વકીલ આલમમાં ચૂંટણીનો માહોલ

પ્રાંતિજ તા.૧૩

વકીલોની માતૃસંસ્થા એવી ગુજરાત બાર કાઉન્સિલ ની ખુબજ મહત્વ ની અને અત્યંત પ્રતિષ્ઠા ભરી ગણાતી ચુંટણી આગામી ૨૮મી માર્ચ ના રોજ યોજાનાર છે જેને લઈ સાબરકાંઠા- અરવલ્લી ના વકીલ આલમ માં ચુંટણી નો માહોલ સર્જાયો છે અત્યાર સુધીમાં ૭૫ ઉમેદવારી ફોર્મ ભરાયાં છે ઉમેદવારો હજુ ૧૫ મી ફેબ્રુઆરી સુધીમાં પોતાનાં ઉમેદવારી ફોર્મ ભરી શકશે જયારે ૨૨મી ફેબુઆરી ઉમેદવારી પત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ છે.

ગુજરાત બાર કાઉન્સિલ વકીલોની માતૃસંસ્થા ગણાય છે. આ ચુંટણી માં કોઇ ગેરરીતિ ના થાય અને નિષ્પક્ષ રીતે ચુંટણી યોજાય તે માટે માંગણી કરવામાં આવી છે ૨૫ સભ્યોની પ્રતિષ્ઠા ભરી ચુંટણી નું કાઉન્ટ ડાઉન શરૂ થતાં વકિલ આલમ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યોછેદર પાંચ વર્ષે યોજાતી આ ચુંટણી વકિલો માટે મહત્વની ગણાય છે આ ચુંટણી માં વેરી ફિકેશન ફોર્મ ભર્યાં હોય તેવા અને ૨૦૧૦ પછીની બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ની ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષા પાસ કરી હોય તેવા આશરે ૫૦ હજાર જેટલાં વકિલો મતદાન કરી શકશે ગુજરાત બાર કાઉન્સિલ ની ચુંટણી ની બીજી એક વિશેષતા એ છે કે તેમાં પ્રેફરેન્શિયલ પધ્ધતિ થી મતદાન કરવાનું હોય છે એટલે કે વકિલ મતદારો તેમની પસંદગી ના ક્રમ પ્રમાણે એકથી લઈ ૨૫ સુધીના મતો આપી શકે છે સાબરકાંઠા-અરવલ્લી ના વકિલ આલમમાં ચુંટણી ને લઈને માહોલ ગરમાયો છે હજુ બીજા કેટલા ફોર્મ ભરાય છે તે જોવું રસપ્રદ બની રહેશે.

તલોદ ખાતે આશા સંમેલન યોજાયુ

તલોદની તાલુકા હેલ્થ ઓફિસ ખાતે ગઈકાલે આશા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં તાલુકાની તમામ આશા અને આશા ફેસીલેટર બહેનો હાજર રહી હતી. જેમાં તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા આશા અને આશા ફેસીલેટર બહેનોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓના નૂતન અભિગમો અને કાર્યક્રમો વિશે છણાવટ કરીને વિશેષ સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત, આંત્રોલીના એમ.ઓ. ખેરોલ દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન વડે આશા બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તથા તેમના પ્રતિભાવો પણ મેળવવામાં આવ્યા હતા. આશા સંમેલનમાં ચાલુ વર્ષે શ્રેષ્ઠ કામગીરી કરનાર આશા અને આશા ફેસીલેટર બહેનોને મોમેન્ટો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સંમેલનમાં અધિક્ષક ડૉ. રોહિત ઉપાધ્યાય, તાલુકા સ્વાસ્થ્ય અધિકારી ડૉ. વિ.જે. મુંગડ, મેડીકલ ઓફિસર ડૉ. જતિન આર. પટેલ, પ્રા.આ. કે. આંત્રોલી, ડૉ. પી.એચ. કટારા, પ્રા. આર.કે. ખેરોલ, તથા ડૉ. ટી.જી. લેઉવા ઉપસ્થિત રહ્યા હતા.

મેઘરજ તાલુકાનો પેન્શનર ડે રામગઢી ખાતે યોજાયો

જીવન સુધારનાર ગુરૂજીઓ અને અન્ય ખાતામાંથી નિવૃત્ત થયેલા મેઘરજ તાલુકાના પેન્શનર ભાઈઓનો પેન્શન ડે જનરલ સભા રામગઢી હાઈસ્કૂલમાં યોજાયો. સમારંભના અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્ય પેન્શનર્સ ફેડરેશનના પ્રમુખ મણીભાઈ સુથાર - અરવલ્લી જિલ્લા પ્રમુખ ગીરીશભાઈ સોની, પૂર્વ પ્રમુખ ગૌરીશંકર ઉપાધ્યાય, જિલ્લા તિજોરી અધિકારી મોહનભાઈ પટેલ, વિગેરે જિલ્લા પ્રમુખ ગીરીશભાઈએ જોઈન્ટ એકાઉન્ટ ખોલવા, ફેમીલી પેન્શન, નોમીનેશન વિષે ઉંડી સમજ આપી. જ્યારે રાજ્ય ફેડરેશનના પ્રમુખ મણીભાઈ સુથારે પેન્શનરોને પાછલી બાકી રકમ હતી તે ચૂકવવા કોર્ટનો આશરો લેવો પડ્યો છે. હજુ તબક્કાવાર ઘણા પ્રશ્નો ઉકેલવા સરકાર સામે ખડેપગે ઉભો છુ અને દરેકને ખૂબજ ફાયદો થનાર છે. દરેક તાલુકા મથકે ભવન બને તે જરૂરી છે.

સરકારના ધારાસભ્યો ૫ વર્ષ સેવા કરીને પેન્શન મેળવે છે જ્યારે કર્મચારીઓ ૪૦ વર્ષ નોકરી કરે છે છતાં કેન્દ્રના ધોરણે તમામ હક્કોનું વળતર આપવા સરકાર પીછેહઠ કરે છે.

ઠંડીનુ મોજુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટાડો થતા નગરજનોએ રાહત અનુભવી હતી.જો કે ઠંડી અને ગરમીના પારાની ચઢઉતર વચ્ચે શિયાળાની મોસમ આ વર્ષે કાંઇ વિશેષ નિખરી ન હોવાનુ પણ મનાઇ રહયુ છે. પરંતુ ઠંડીના પારાની સતત ચઢ ઉતર વચ્ચે મોસમમાં નાટયાત્મક પલ્ટો પણ વારંવાર જોવા મળી રહયો છે. થોડા દિવસ અગાઉ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પણ વરસ્યા હતા. ત્યારબાદ વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઇ ગઇ હતી. જો કે વળતા શિયાળે ઠંડીનુ જોર હળવુ થતા ગત સપ્તાહ દરમિયાન નગરજનો ઉનાળા જેવી આકરી ગરમી અનુભવતા વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઇ ગઇ હોવાનો અહેસાસ કરી રહયા હતા.

પરંતુ શિયાળાની મોસમ વિદાય લેવા તરફ છે. ત્યારે મોસમનો મિજાજ છાશવારે બદલાય છે. ગત સપ્તાહ દરમિયાન ઠંડીનો પારો ૧૮ ડી ગ્રી એ પહોંચી ગયો હતો. જેના લીધે નગરજનોએ ગરમ કપડા પહેરવાનુ પણ બંધ કરી દીધુ હતુ. પરંતુ ઉત્તર ભારતમાં બરફ વર્ષાના લીધે ગુજરાતમાં પણ ઠંડીનુ જોર અચાનક જ વધ્યુ છે. ઠંડીનો પારો ઉંચકાયો છે. લઘુત્તમ તાપમાન સીધુ ૬ ડી ગ્રી ઘટી ગયુ છે. આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડી ગ્રી એ પહોંચી ગયુ હતુ. જયાર મહત્તમ તાપમાનમં પણ બે ડી ગ્રી ની ગિરાવટ જોવા મળી હતી. જેના લીધે નગરના જનજીવન પર વિપરિત અસર જોવા મળી હતી. શહેરમાં સાંજ ઢળતા જ નગરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. જયારે દિવસ દરમિયાન પણ ગરમીની અસર વર્તાઇ ન હતી.

નાણા પંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંતરિક રસ્તાની દુરસ્તી અને ફૂટપાથને લગતા, ૩૦ થી વધુ કામો સ્ટ્રીટલાઈટને લગતા, ૧૯૦ થી વધુ સેનીટેશનના કામો તેમજ ૧૦૦થી વધુ પેયજળની સુવિધાને લગતા કામો હાથ ધરવામાં આવ્યા હતા જે પૂર્ણ થયા છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ૧૪મા નાણાપંચની ગ્રાન્ટ સીધે સીધી પંચાયોતને વસ્તીના આધારે ફાળવી આપવામાં આવે છે. જે પંચાયતો દ્વારા આ ગ્રાન્ટનો પુરેપુરો વપરાશ વિલેજ ડેવલપમેન્ટ પ્લાન અંતર્ગત કરવામાં આવે છે તેવા ગામોને આવક વૃદ્ધિને ધ્યાને રાખી ૧૦ટકા સુધીની પરફોમન્સ ગ્રાન્ટ પણ નાણાંપંચ દ્વારા આપવામાં આવે છે.

૧૦ટકા પરફોમન્સ ગ્રાન્ટ માટે હવે માર્કિંગ સિસ્ટમ અમલમાં મુકાઈ હોવાથી દરખાસ્ત તૈયાર થઈ નહી હોવાનું જાણવા મળેલ છે. આ માટે તંત્રને ભારે કવાયત કરવી પડી રહી છે જે આ માસના અંત સુધીમાં આખરી થઈ જશે.

જિલ્લાને ૧૪મા નાણાંપંચ અંતર્ગત રૂ. ૭૭ કરોડની જંગી રકમ મળી હોવાથી જિલ્લામાં વિકાસને નવો વેગ મળ્યો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

યોજના અભેરાઈએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે હજુ સેકટરોના એપ્રોચ માર્ગને અપગ્રેડ કરવાનુ કામ બાકી છે. છેલ્લા એક દાયકામાં નગરમાં ટ્રાફિકનો સિનારીયો બદાલાયો છે. ત્યારે રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. આવા સંજોગોમાં સેકટરોના પ્રવેશદ્વાર સમાન મુખ્ય માર્ગ સાથે જોડાયેલા એપ્રોચ રસ્તાઓ પર રોડ સેફટી સામે અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. અગાઉ આ સ્થિતિને અનુલક્ષી સેકટરોના એપ્રોચ માર્ગને ફોરલેન બનાવવા માટે તંત્ર દ્વારા અભ્યાસના અંતે દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જયારે આ દરખાસ્તના લાંબા સમયના અંતે પણ વિભાગ કક્ષાએથી કોઇ નિર્ણય લેવાયો નથી.

હાલ સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ થઇ ગયુ છે. જયારે આંતરિક માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયનો ખર્ચ કરવામાં આવ્યો છે. આવા સંજોગોમાં સેકટરોના આંતરિક માર્ગો પર વાહનોનો ધમધમાટ પણ વધ્યો છે. ત્યારે મુખ્ય માર્ગથી સેકટરોમાં પ્રવેશતા વાહનોને ધ્યાને લઇ સેકટરોના એપ્રોચને ફોરલેન કરવા માટે કાર્યયોજના તૈયાર થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ભુલી ગયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના અધિકારીઓ ભુલી ગયા છે. શહેરના મોટાભાગના સર્કલો ઉજ્જડ બનવા તરફ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે સર્કલો પણ .યોગ્ય જાળવણીની વાટે છે. આવા સંજોગોમાં સર્કલ વચાળે મુકાયેલી મહાનુભાવોની પ્રતિમાને વર્ષે એકવાર પણ યાદ કરવામાં આવતી નથી. રવિશંકર મહારાજના જન્મદિવસે શહેર વસાહત મહામંડળ દ્વારા ઘ-૫ સર્કલ સ્થિત તેમની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવે છે. પરંતુ જવાબદાર તંત્ર દ્વારા આ પ્રતિમાની સફાઇ પણ કરવામાં આવતી નથી. સરકારી તંત્રએ આ ઠેકાણે તેમની પ્રતિમા મુકી દીધી પરંતુ તેમના જન્મદિવસ વિસરાઇ ગયો છે.

આજે જન્મદિવસે તેમની પ્રતિમાની સફાઇ કરવાનુ ઔચિત્ય દાખવવામાં આવ્યુ નથી. અગાઉ પણ આ પ્રતિમાની સફાઇ જયારે કરવામાં આવી હશે ત્યારે આ મામલે સરકારી તંત્ર કે સ્થાનિક નેતાઓ માત્ર ફોટો ફંકશન કરવાના ઈરાદે જ આવી પહોચ્યા હશે તેવી લાગણી પણ જનમાનસમાં પ્રબળ બની છે.શહેરને સ્વચ્છ બનાવાની સુફિયાણી વાતો કરતા સત્તાધીશો નગરના હાર્દસમા વિસ્તારમાં આ મહાનુભાની પ્રતિમાની સફાઇ કરવા માટે જરા પણ ઉત્સુકતા ન દાખવતા નગરજનોમાં પણ નારાજગી વ્યાપી છે.

પ્રથમ સત્રમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભા સત્રના પ્રારંભે જ કોળી સમાજ દ્વારા યોજવામાં આવેલી અધિકાર રેલીએ પણ ભાજપના મોવડીમંડળ પર દબાણ ઉભુ કરવામાં કેટલી સફળતા મેળવશે તેને લઈ રાજકીય વર્તુળોની નજર હાલ તો આ રેલી પર કેન્દ્રીત થઈ છે.

બીજી તરફ કોંગ્રેસમાંથી પણ ઉમેદવારની પસંદગીને લઈ જાતજાતની અટકળોએ વેગ પકડ્યો છે. આ માટે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ, દિપકભાઈ બાબરિયા, શક્તિસિંહ ગોહિલ, અર્જુનભાઈ મોઢવાડિયા સહિતના નામો ચર્ચામાં હોવાનું રાજકીય વર્તુળો સ્વીકારી રહ્યા છે. જો કે કોંગ્રેસ યુવા ઉમેદવારોની પસંદગીને અગ્રતા આપે છે કે કેમ ? તેને લઈ પણ ચર્ચાઓ ચાલી રહી છે.

રાજકીય વર્તુળોમાં તો હાલ એવી પણ ચર્ચા ચાલે છે કે જેટલીને અન્ય રાજ્યમાં ખસેડી રૂપાલા માંડવિયા કે વેગડમાંથી કોઈ એકને રીપીટ કરવામાં આવશે તો બીજી પસંદગી ઉત્તર ગુજરાતમાંથી કરવામાં આવશે. આ ચૂંટણીનું રાજકીય મહત્વ એટલા માટે વધી ગયુ છે કારણ કે ત્રણ-ત્રણ કેન્દ્રીય મંત્રીઓ નિવૃત્ત થઈ રહ્યા છે.

કોંગ્રેસ-ભાજપ આ વખતે ઉમેદવારની પસંદગીના મામલે હાલ ઉતાવળમાં પણ નથી. હજુ આ ચૂંટણી માટેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ થયુ નથી પરંતુ રાજકીય વર્તુળો માની રહ્યા છે કે અંદાજપત્ર સત્રમાં રાજ્યસભાને ચૂંટણી જંગ જ છવાયેલો રહેશે.

લેબર રૂમ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોંપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

રૂપાલ, સોજા, વરસોડા, પુંધરા, સુઘડ અને હાજીપુર પ્રા. આરોગ્ય કેન્દ્રોમાં આ સુવિધા ઉભી કરવામાં આવશે.

રાજ્ય સરકારે પણ પ્રા.આ. કેન્દ્રોમાં પ્રસુતિ માટેના લેબરરૂમોના અપગ્રેડેશન માટે ભાર મુક્યો છે એટલુ જ નહિ આગામી અંદાજપત્રમાં આ અંગે વિશેષ જોગવાઈ કરવામાં આવનાર છે. રાજ્યમાં સંસ્થાકીય પ્રસુતિઓની સંખ્યા વધી છે પરંતુ સરકારી સંસ્થાઓમાં તે દર ખાનગીની તુલનામાં ઓછો છે.

મળતી વિગતો પ્રમાણે અપગ્રેડેશનને લઈ તંત્ર દ્વારા એક અલાયદો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં આધુનિક સાધનો, ગેપ એનાલીસીસ, સ્ટાફ ટ્રેનીંગ સહિતની વિવિધ બાબતોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં પ્રસુતિ માટે લેબરરૂમ આધુનિક સુવિધાઓથી સજ્જ થયેલા આરોગ્ય કેન્દ્રોમાં પ્રસુતિઓની સંખ્યા વધે તે માટે પણ ખાસ ધ્યાન અપાશે એટલુ જ નહિ જ્યાં પ્રસુતિ ઓછી થાય છે તેના માટે વિશેષ વ્યુહરચના તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવનાર છે.

આતંકવાદી જાહેર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુએનએસસીની પ્રતિબંધિત યાદીમાં અલકાયદા, તહરીક-એ-તાલીબાન-પાકિસ્તાન, લશ્કર-એ-ઝાંગવી, જમાત-ઉદ-દાવા, ફલાહ-એ-ઈન્સાનિયત ફાઉન્ડેશન, લશ્કર-એ-તોયબા વગેરે લશ્કરી સંગઠનોનો સમાવેશ થાય છે.

ધ એકસપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ અનુસાર વટહુકમ આતંકવાદ પ્રતિરોધક અધિનિયમની એક કલમમાં સુધારો કરે છે અને તેના પગલે અધિકારીઓને યુએનએસસી દ્વારા પ્રતિબંધિત વ્યકિતઓ અને આતંકવાદી સંગઠનોની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવા, તેના કાર્યાલયો અને બેંક ખાતાંઓ સીલ કરવા વગેરેની સત્તાઓ મળે છે.

દરમિયાન પાકિસ્તાની પોલીસે આતંકી હાફિઝ સઈદના જમાત-ઉદ-દાવાના હેડ કવાર્ટરની બહાર લગાવવામાં આવેલ બેરીકેડ હટાવી દીધી છે. દેશની સર્વોચ્ચ અદાલતના આદેશ પર પોલીસે હાફિઝ સઈદ વિરુદ્ધ આ કાર્યવાહી કરી છે. એક દાયકાથી પણ વધુ સમય અગાઉ જમાત-ઉદ-દાવાએ સુરક્ષાના નામે આ બેરિકેડ ઊભી કરી હતી.

આ ઉપરાંત ચીફ જસ્ટિસ શાકિબ નિસારે પંજાબ પોલીસને લાહોરમાં સુરક્ષાને નામે બંધ કરી દેવામાં આવેલી તમામ સડકો ખોલી નાખવા આદેશ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પાકિસ્તાને ૨૦૦૫માં યુએનએસસી પ્રસ્તાવ ૧૨૬૭ હેઠળ લશ્કર-એ-તોયબાને પણ પ્રતિબંધિત આતંકી સંગઠન તરીકે જાહેર કર્યું હતું.

ગયા વર્ષે ડિસેમ્બરમાં સરકારે હાફિઝ સઈદથી સંબંધિત બે સંગઠનો જમાત-ઉદ-દાવા અને એફઆઈએફ પર નિયંત્રણ કરવાની યોજના બનાવી હતી અને એવું મનાયું હતું કે આ સંબંધમાં એક કાર્યયોજના સોંપાઈ છે. ૨૦૦૫ની સાલમાં યુએનએસસી પ્રસ્તાવ ૧૨૬૭ની અંતર્ગત લશ્કર-એ-તૈયબાને એક પ્રતિબંધિત સંગઠન જાહેર કરાયું હતું.

આતંકવાદી ઠાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ હતી જેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. સોમવારે સાડા ચાર વાગે ત્રાસવાદીઓએ સીઆરપીએફ કેમ્પમાં હુમલો કર્યો હતો. સુંજવાન આર્મી કેમ્પ ઉપર હુમલા બાદ સતત બીજો હુમલો ત્રાસવાદીઓએ કર્યો છે. મોટુ નુકસાન કરવાની ત્રાસવાદીઓની યોજનાને નિષ્ફળ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ સુંજવાન આર્મી કેમ્પમાંથી વધુ એક જવાનનો મૃતદેહ મળી આવ્યો છે. જેથી આ હુમલામાં મોતનો આંકડો વધીને હવે છ થઈ ગયો છે.

આ હુમલામાં છ જવાન શહીદ થયા છે અને એક નાગરિકનુ મોત થયુ છે. ચાર ત્રાસવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે શનિવારે સવારે ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં પાંચ જવાન શહીદ તઈ ગયા હતા અને એક નાગરિકનુ મોત થયુ હતુ. હુમલાને અંજામ આપનાર ચારેય ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાના જવાનોએ વધુ નુકસાન ન થાય તે હેતુસર આ ઓપરેશન ચલાવ્યુ હતુ. જેથી વધારે નુકસાન થયુ હતુ. ઠાર મરાયેલા ત્રાસવાદીઓની પાસેથી એકે ૪૭ અને અન્ય ઘાતક હથિયારોનો જથ્થો મળી આવ્યા હતા.

ઉગ્ર પ્રત્યાઘાત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનમાં બે મોટા મુદ્દા છે જે વિવાદનું મુખ્ય કારણ છે. જેમાં કાશ્મીર અને ભારત વિરુદ્ધ વધી રહેલો આતંકવાદ મુખ્ય છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારત અને પાકિસ્તાને વાતચીત માટે મુશરર્ફની નીતિ પર ચાલવું જોઈએ.

આ અગાઉ પણ મણિશંકર ઐય્યરે ૨૦૧૫માં એક પાકિસ્તાની ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે જો ભારત અને પાકિસ્તાન વચ્ચે સમાધાનકારી માર્ગ અપનાવવો હશે તો વડા પ્રધાન મોદીને હટાવવા પડશે. આમ આ રીતે મણિશંકર ઐય્યરે ફરી એકવાર પાકિસ્તાન પ્રત્યે પ્રેમ વ્યકત કરી નવો વિવાદ ઊભો કર્યો છે.

ફુગાવામાં ઘટાડો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કધઝ્યુમર પ્રાઇઝ ઈન્ડેક્સ (સીપીઆઇ)ના આધારે જાન્યુઆરી ૨૦૧૬ના ૩.૧૭ ટકા કરતા ઘટીને જાન્યુઆરી ૨૦૧૭માં રિટેલ ફુગાવો ૫.૦૭ ટકા નોંધાયો હતો. કધઝ્યુમર ફૂડ બાસ્કેટ ઈન્ડેક્સ ડિસેમ્બરના ૪.૯૬ ટકાથી સ્હેજ ઘટીને જાન્યુઆરીમાં ૪.૭ ટકા નોંધાયો હતો.

શાકભાજીનું સેગમેન્ટ ડિસેમ્બરના ૨૯.૧૩ ટકાથી ધીમું પડીને જાન્યુઆરીમાં ૨૬.૯૭ ટકા નોંધાયું હતું. એજ રીતે ફળોમાં પણ ડિસેમ્બરના ૬.૬૩ ટકાથી વધીને જાન્યુઆરીમાં ૬.૨૪ ટકા નોંધાયું હતું.

મુકેશ અંબાણી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચલાવી શકે છે. બીજી બાજુ એમાનસીયો ઓર્ટેગા ૭૫.૩ અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે અને તે સ્પેનને ૪૮ દિવસ સુધી ચલાવી શકે છે. જુદા જુદા દેશોના વડાની સ્થિતિ ખુબ મજબૂત દેખાઈ રહી છે.

ચીનમાં સૌથી અમીર લોકોમાં સામેલ જેકમા ચાર દિવસ સુધી સરકાર ચલાવી શકે છે. આ યાદીમાં જુદા જુદા દેશોના અબજોપતિનો સમાવેશ થાય છે. જર્મનીમાં સ્વાર્ઝ પાંચ દિવસ સુધી સરકાર ચલાવી શકે છે. સાયપ્રસના સૌથી અમીર વ્યક્તિ જહોન ફ્રેડરિકશન ૪૪૧ દિવસ સુધી તેમની સરકારને ચલાવવા સક્ષમ છે. ૨૩.૬ મિલિયન ડોલરના ૨૦૧૮ના ખર્ચના અંદાજ સામે તેમની સંપત્તિની તુલના કરવામાં આવી છે. જાપાન, પોલેન્ડ, અમેરિકા અને ચીનમાં સૌથી મોંઘી સરકાર રહેલી છે. વિશ્વમાં સૌથી અમીર લોકોની યાદીમાં રહેલા ચીનના જેકમા ચાર દિવસ સુધી કોમ્યુનિસ્ટ પાર્ટીને બચાવી શકે છે. જ્યારે જૈફ બેજોસ દુનિયાના સૌથી અમીર વ્યક્તિ છે. તેઓ પાંચ દિવસ સુધી અમેરિકી સરકાર ચલાવી શકે છે.